# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

******************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસ નિમિત્તે દિલ્હીમાં લાલ કિલ્લાની પ્રાચિર પર ધ્વજવંદન કરી દેશવાસીઓને સંબોધિત કર્યા**
2. **પ્રધાનમંત્રીએ કહ્યું, ભારત ન્યૂક્લિયર ધમકીઓથી ડરશે નહીં.**
3. **પ્રધાનમંત્રીએ સંબોધન દરમિયાન મિશન સુદર્શન ચક્ર સહિત અનેક આયોજનોની જાહેરાત કરી.**
4. **જમ્મુ-કાશ્મીરમાં ધોધમાર વરસાદના કારણે સર્જાયેલી ઘટનામાં 45 લોકોના મોત**
5. **ચેસમાં, જર્મનીના ગ્રાન્ડ માસ્ટર વિન્સેન્ટ કિમરે ક્વાન્ટબોક્સ ચેન્નાઈ ગ્રાન્ડ માસ્ટર્સ 2025નો ખિતાબ જીત્યો**

......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM ADDRESS FINAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસ નિમિત્તે દિલ્હીમાં લાલકિલ્લાની પ્રાચિરથી દેશવાસીઓને સંબોધિત કર્યા. શરૂઆતમાં તેમણે કહ્યું, સ્વતંત્રતાનો આ પર્વ 140 કરોડ લોકોના સંકલ્પનો પર્વ છે.    તેમણે દેશને દિશા અને માર્ગ બતાવનારા બંધારણના ઘડવૈયાઓને નમન કર્યું. શ્રી મોદીએ    કહ્યું, 15 ઑગસ્ટે લાલ કિલ્લાની પ્રાચિરથી ઑપરેશન સિંદૂરના વીર જવાનોને સલામી આપવાની તેમને તક મળી છે.

( BYTE: PM MODI ) OP SINDOOR

ભારત ન્યૂક્લિયર ધમકીઓથી નહીં ડરે તેમ પણ શ્રી મોદીએ ઉમેર્યું.

(BYTE: PM MODI) -  NUCLEAR BLACKMAIL

શ્રી મોદીએ સ્વતંત્રતાના 100 વર્ષ પૂર્ણ થતાં 140 કરોડ ભારતીય વિકસિત ભારતનો સંકલ્પ પૂર્ણ કરશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો. તેમણે તેલ અને ગેસના ભંડાર શોધવા અગ્રતાક્રમે કામ થઈ રહ્યું છે. આ માટે નૅશનલ ડીપ વૉટર ઍક્સ્પ્લોરૅશન મિશનની જાહેરાત કરી.

(BYTE: PM MODI ) - DEEP WATER ENERGY

શ્રી મોદીએ આજથી પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના લાગૂ કરવાની પણ જાહેરાત કરી.

( BYTE: PM MODI ) PM YUVA ROJGAR YOJNA

પ્રધાનમંત્રીએ કહ્યું, આ દિવાળીએ દેશવાસીઓને મોટી ભેટ મળવાની છે. તેમણે કહ્યું, તેઓ આગામી પેઢી માટે વસ્તુ અને સેવા કર- GST સુધારા લઈને આવી રહ્યા છે.

( BYTE: PM MODI) GST BYTE

શ્રી મોદીએ ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદ મેળવીને મિશન સુદર્શન ચક્ર શરૂ કરવાની પણ જાહેરાત કરી.

(BYTE: PM MODI) SUDARSHAN CHAKRA

પ્રધાનમંત્રીએ ઊર્જા ક્ષેત્રમાં ભારતે આત્મનિર્ભર બનવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. શ્રી મોદીએ કહ્યું , આ વર્ષના અંત સુધીમાં ભારતમાં બનેલી સેમિ –કન્ડક્ટર ચિપ બજારમાં ઉપલબ્ધ થશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફૉલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# STATE-CELEBRATION

દેશના વિવિધ રાજ્યોમાં આજે સ્વતંત્રતા પર્વની રાજ્યકક્ષાની ઉજવણી થઇ. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે ભોપાલમાં અને રાજ્યપાલ મંગુભાઈ પટેલે પંચમઢી ખાતે ત્રિરંગો ફરકાવ્યો.

છત્તીસગઢના, મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈએ રાયપુરના પોલીસ પરેડ મેદાન ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને પરેડની સલામી ઝીલી. તેમણે લોકોને રાષ્ટ્રહિતમાં સ્વદેશી ઉત્પાદનો અપનાવવા અપીલ કરી.

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે પટનાના ઐતિહાસિક ગાંધી મેદાનમાં રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો . તેમણે કહ્યું કે રાજ્ય સરકાર યુવાનો માટે નોકરીઓ અને રોજગાર પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

ઓડિશાના ભુવનેશ્વરમાં મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ રાષ્ટ્રધ્વજ ફરકા વી પરેડની સલામી ઝીલી. તેમણે રાજ્ય સરકારની સિદ્ધિઓ વર્ણવી અને વિકાસ યોજનાની માહિતી આપી.

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ ત્રિરંગો ફરકા વી પરેડની સલામી ઝીલી. તેમણે કહ્યું કે આસામ દેશના ત્રણ સૌથી ઝડપથી વિકાસશીલ રાજ્યોમાં થી એક છે. પંજાબના ફરીદકોટમાં મુખ્યમંત્રી ભગવંત માને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.

## PORBANDAR INDEPENDENCE DAY

**ગુજરાતના પોરબંદરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં 79મા સ્વતંત્રતા પર્વની રાજ્યકક્ષાની ઉજવણી થઈ. આ પ્રસંગે શ્રી પટેલે ધ્વજવંદન કર્યું.**

દરમિયાન પોલીસના જવાનોએ વિવિધ કરતબ બતાવ્યા. તેમજ અનેક સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયા.

આ પ્રસંગે શ્રી પટેલે દેશની આઝાદી માટે શહીદ થયેલા લોકો અને સ્વાતંત્ર્ય સેનાનીઓને વંદન કર્યાં. તેમણે કહ્યું , આઝાદીના દાયકાઓ પછી ભારત હવે દેશમાં બનેલી સ્વદેશી ટેક્નોલૉજીથી આત્મનિર્ભર બન્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ શહેરી વિકાસ વર્ષમાં નાના નગરોના પણ સુનિયોજિત વિકાસ માટે 100થી વધુ ટાઉન પ્લાનિંગ એટલે કે , નગર આયોજનની યોજના મંજૂર કરવાની જાહેરાત કરી. એક લાખ સુધીની વસતિ ધરાવતા 55 નગરો માટે GIS આધારિત વિકાસ આયોજન તૈયાર કરાશે. શહેરોની સાથે ગ્રામ્ય વિસ્તારનો સુનિયોજિત વિકાસ કરવાના અભિગમને સાકાર કરવા મુખ્યમંત્રી ગ્રામોદ્યાન યોજના શરૂ કરાશે. ઉપરાંત નગરપાલિકામાં ભળી ન હોય તેવી ગ્રામ પંચાયતોના સર્વાંગી વિકાસ માટે પણ 100 કરોડ રૂપિયાની જોગવાઈ સાથે પાંચ વર્ષ માટે આ યોજના શરૂ કરાશે.

શ્રી પટેલે લોકોને દેશના વિકાસમાં ભાગીદાર બનવા અપીલ કરી. લોકોમાં રાષ્ટ્રચેતના જગાડવા અને સ્વચ્છતા માટે લોકોમાં જાગૃતિ લાવવા રાષ્ટ્રભક્તિમય વાતાવરણમાં લોકોની ભાગાદારીથી “હરઘર તિરંગા” અભિયાન ઉજવાયું હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું.

## KISHTWAR CLOUDBURST

**જમ્મુ-કાશ્મીરમાં કિશ્તવાડ જિલ્લાના પદ્દાર સબ ડિવિઝનના દૂરના ગામમાં ગુરુવારે ધોધમાર વરસાદના કારણે સર્જાયેલી ઘટનામાં ઓછામાં ઓછા 45 લોકોના મોત થયા છે. અત્યાર સુધી 120થી વધુ લોકોને બચાવાયા છે. તેમાંથી 38 લોકોની હાલત ગંભીર છે. આ ઘટનામાં કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ- C.I.S.F.ના બે જવાન અને મચૈલ માતા મંદિરના તીર્થયાત્રીઓએ પણ જીવ ગુમાવ્યા છે. હજી પણ કેટલાક લોકો ગુમ થયાના અહેવાલ છે.**

**રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ- SDRF, પોલીસ, સેના અને સ્થાનિક સ્વયંસેવકો દ્વારા બચાવ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. અધિકારીઓએ લોકોની સલામતી માટે NDRFની બે નવી ટુકડી સહિત અન્ય બચાવ દળ મોકલ્યા છે. ચશોતી ક્ષેત્ર અને નીચેની તરફ ઘણા આવાસ ઘર , છ સરકારી ભવન , ત્રણ મંદિર, ચાર પવનચક્કી તેમજ 30 મીટર લંબાઈ ધરાવતો બ્રિજ અચાનક આવેલા પૂરમાં વહી ગયો છે.**

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ , કેન્દ્રીય મંત્રી ડૉક્ટર જિતેન્દ્ર સિંહ , ઉપરાજ્યપાલ મનોજ સિન્હા સહિતના મહાનુભાવે આ ઘટના પર શોક વ્યક્ત કર્યો.**

# CHESS CHENNAI GRAND MASTERS

ચેસમાં જર્મનીના ગ્રાન્ડ માસ્ટર વિન્સેન્ટ કિમરે ક્વાન્ટબોક્સ ચેન્નાઈ ગ્રાન્ડ માસ્ટર્સ 2025નો ખિતાબ જીતી લીધો છે. સ્પર્ધાના ઇતિહાસમાં 20 વર્ષના કિમર પહેલી વાર વ્યક્તિગત રીતે ચેમ્પિયન બન્યા છે. તેમણે ડચ ગ્રાન્ડ માસ્ટર જોર્ડન વેન ફોરેસ્ટ સાથે

ડ્રો રમીને આ ખિતાબ મેળવ્યો છે. આ પ્રદર્શનથી કિમરે પહેલી વાર વિશ્વના ટોચના 10 ખેલાડીઓમાં પણ જગ્યા બનાવી છે.

માસ્ટર્સમાં આઠ-મા રાઉન્ડની તમામ રમત ડ્રો રહી. અર્જૂન એરિગેસી અને કાર્તિકેયન મુરલી છેલ્લા રાઉન્ડમાં બીજા અને ત્રીજા સ્થાન માટે સામસામે હશે. ચેલેન્જર્સમાં ગ્રાન્ડ માસ્ટર પ્રણેશ એમ , ગ્રાન્ડ માસ્ટર હરિકા દ્રોણવલ્લીને હરાવી છ પૂર્ણાંક પાંચ અંકની સાથે ટોચ પર છે. ઉપરાંત ગ્રાન્ડ માસ્ટર અધિબાન ભાસ્કરન અને ગ્રાન્ડ માસ્ટર આર્યન ચોપરાએ પણ જીત મેળવી છે.

# SQUASH- BEGA OPEN

ભારતનાં આકાંક્ષા સાલુંખે અને અનાહત સિંહ ઓસ્ટ્રેલિયામાં યોજાયેલી બેગા ઓપન સ્ક્વૉશ ચેમ્પિયનશિપના ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યાં. ગઈકાલે મહિલા સિંગલ્સની પ્રિ-ક્વાર્ટર ફાઇનલમાં પાંચમાં ક્રમનાં આકાંક્ષા સાલુંખેએ ઓસ્ટ્રેલિયાનાં સોફી ફેડેલીને 3-2થી હરા વ્યાં. જ્યારે ટોચનાં ક્રમાંકિત અનાહત સિંહે ઓસ્ટ્રેલિયાનાં સારાહ કાર્ડવેલને 3-શૂન્યથી હરાવ્યાં.

આજે અનાહત સિંહ દક્ષિણ આફ્રિકાનાં હેલી વોર્ડ સામે અને આકાંક્ષા ચો થા ક્રમાંકિત ઓસ્ટ્રેલિયાનાં એલેક્ઝાન્ડ્રા હેડન સામે રમશે.